# દહેગામના ધારીસણા ગામે ઝાડા-ઉલ્ટીના ૨૬ કેસ

## કોલવડામાં આજે પણ વધુ પાંચ નવા કેસ મળ્યા : ધારીસણા-કોલવડામાં ઝાડા-ઉલ્ટીના કેસોને પગલે તંત્રમાં દોડધામ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોલવડામાં પાણીજન્ય રોગચાળો હજુ થમ્યો નથી ત્યાં દહેગામ તાલુકાના ધારીસણા ગામે પણ ઝાડા-ઉલ્ટીના ૨૬થી વધુ કેસ મળતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

ગાંધીનગર નજીકના કોલવડા ગામમાં પાણીજન્ય રોગચાળો હજુ થમ્યો નથી. આજે પણ પાંચ નવા કેસ મળી આવ્યા છે. તંત્ર આ રોગચાળાના કારણો શોધવામાં વ્યસ્ત છે અને તંત્ર દ્વારા સર્વેલન્સ પણ ચાલુ રાખવામાં આવ્યુ છે. તો બીજી તરફ જિલાના દહેગામ તાલુકામાં ગઈકાલથી ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાવાના શરૂ થયા છે. તંત્રએ ધારીસણા ગામે આ ઝાડા-ઉલ્ટીના કેસો ૨૬ જેટલા હોવાનો સ્વીકાર કર્યો છે.

ગઈકાલે કોલવડા અને ધારીસણામાંથી ટેસ્ટીંગ માટે મોકલાયેલ સ્ટૂલ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જ્યારે બન્ને ગામના પેયજળના નમુનાનું પૃથ્થકરણ કરી હજુ અહેવાલ મળ્યો નથી.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના ધારીસણા ગામે તંત્રની પ્રાથમિક ચકાસણીમાં ત્રણેક જેટલા પાણીના લિકેજીસ મળી આવતાં તાબડતોબ તેના રીપેરીંગ માટેની કાર્યવાહી હાથ ધરવા પંચાયતને જણાવ્યુ હતુ. આજે સાંજ સુધીમાં આ કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનુ જાણવા મળેલ છે.

દહેગામ તાલુકાના ધારીસણા ગામે આજે જિલ્લાના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી અને અન્ય અધિકારીઓની ટીમ દોડી ગઈ હતી. પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો છે.

ધારીસણા અને કોલવડામાંથી મેળવવામાં આવેલ સ્ટૂલ સેમ્પલના રિપોર્ટમાં કોલેરા નેગેટીવ હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ આ પછી થોડોક હાશકારો જરૂર અનુભવ્યો છે. આ બન્ને ગામમાં થયેલ રોગચાળાની સ્થિતિને લઈ તંત્રએ તેના ચોક્કસ કારણો પણ જાણવાની કવાયત હાથ ધરી છે.

ધારીસણા ખાતે પાંચથી વધુ સર્વેલન્સની ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ટીમો દ્વારા ઓ.આર.એસ.ના પેક્ટેસ તેમજ ક્લોરીનની ટિકડીઓનું વિતરણ કરી લોકોને પાણી ઉકાળીને પીવા માટેની સમજ પણ આપવામાં આવી હતી.

જિલ્લાના બે મોટા ગામોમાં એક સપ્તાહમાં ઝાડા-ઉલ્ટીના રોગચાળાની સ્થિતિએ તંત્રને દોડતુ કરી દીધુ છે. તંત્ર દ્વારા બન્ને ગામોમાં બે થી ત્રણ દિવસમાં જ પરિસ્થિતિ નિયંત્રણમાં આવી જશે તેવો દાવો થઈ રહ્યો છે.

કોલવડામાં મળેલા પાંચ નવા કેસ પછી તંત્રે પણ હવે આર.આર.ટી. બોલાવવા અંગેની વિચારણા સક્રિયતાથી હાથ ધરી છે. દરમ્યાન ધારીસણાના કેટલાક કેસ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે રિફર કરવામાં આવ્યા છે. ધારીસણામાં કેસોની સંખ્યા ૪૦ થઈ વધુ હોવાની વાતો લોકજીભે સાંભળવા મળી હતી.

### નગરના સ્થાપનાકાળથી વિદ્યાર્થીઓમાં

## શિક્ષણનું સિંચન કરતી સેન્ટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ શાળા સુવર્ણ જયંતિ ઉજવશે

**રાજ્યપાલ ઓ.પી. કોહલી વિશેષ ઉપસ્થિત રહેશે : બન્ને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો દેશ-વિદેશમાં ડંકો : શિક્ષણનું સ્તર સુધારવામાં પણ શાળાઓનું પાયાનું યોગદાન**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના અસ્તિત્વથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત નગરની વિવિધ બે શિક્ષણ સંસ્થાઓ દ્વારા આગામી તા. ૧૫ જુનના રોજ સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. શહેરની સેન્ટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલને ૫૦ વર્ષ પૂર્ણ થતા આગામી શનિવારે સવારે ૮.૩૦ કલાકે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં આ સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાશે.

ગાંધીનગર શહેરના પ્રારંભકાળથી જ નગરમાં સે. ૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ તેમજ સે. ૨૧ની માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા કાર્યરત થઈ હતી. આ શાળાઓમાં શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓનો દેશ-વિદેશમાં ડંકો વાગી રહ્યો છે. અનેક નામી ડોક્ટરો, એન્જીનિયર્સ, સરકારી ઓફિસરોને વિદ્યાર્થી જીવન દરમ્યાન આ બંને શાળાઓએ ઉમદા શિક્ષણ પુરૂ પાડ્યુ છે. શહેરમાં શિક્ષણનું સ્તર સુધારવા અને તેજસ્વી વિદ્યાર્થીઓને દિશા આપવાનો શ્રેય પણ આ શાળાઓના શિરે છે. હાલ પણ સેન્ટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં નગરના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીનુ ઘડતર થઈ રહ્યું છે ત્યારે સેન્ટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલને ૫૦ વર્ષ પૂર્ણ થતા ગાંધીનગરના સે. ૮ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યપાલ ઓ.પી. કોહલી વિશેષ ઉપસ્થિત રહેશે. ફાધર ફરનાન્ડ દુરાઈ અને સિસ્ટર જેનિફર ગોમેસ પણ ઉપસ્થિત રહેશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**વાવાઝોડુ ન આવ્યું... આવ્યું હોત તો અમે જુની સરકારની જેમ પૂરી શાકનાં ફુડ પેકેટ નતા આપવાના, અમે ફેન્કી, પાસ્તાનાં પેકેટ પ્લાન કર્યા હતા...**

## ગિયોડ પાટીયા પાસે બે કાર વચ્ચે અકસ્માત : બે ના મૃત્યુ

**ઈડરનો પરિવાર અમદાવાદ જઈ રહ્યો હતો, ત્યારે ગીયોડ પાટીયા પાસે અકસ્માત નડ્યો**

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમનગર હાઈ-વે પર ઈડરથી આવી રહેલી ફ્રન્ટીને ગીયોડ પાટીયા પાસે અન્ય કારે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ફ્રન્ટીમાં રહેલા પતિ-પત્નિ ફંગોળાઈને દુર અન્ય ગાડી સાથે અથડાયા હતા. જેથી પતિ-પત્નિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જયાં ફરજ પરના ડોકટરે ઈડરના મશાલ ગામના દંપતિને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વી.એમ.દેસાઈએ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ કૃષ્ણનગરની નંદિપાર્ક સોસાયટીમાં રહેતા સામંતસિંહ રમલાવત નિવૃત જીવન જીવતા હતા. પત્નિ મનહરકુંવરબા ઉર્ફે નંદુબા સાથે ૧૫ દિવસથી વતન રહ્યા બાદ બુધવારે તેઓ અમદાવાદ પરત ફરતા હતા. સવારે તેમની મારુતિ ફ્રન્ટી ગાડી લઈને નીકળેલું દંપતિ ગીયોડ પહોંચતા અંબાજી માતાજીના દર્શન કરવા વળ્યુ હતું. ત્યારે ગીયોડ પાટીયાથી રોડ ક્રોસ કરતા હતા. તે સમયે મોટા ચિલોડા તરફથી આવી રહેલી કારનં. જી.જે.૧૮ એ.એમ.૪૬૯૫ ના ચાલકે ફ્રન્ટીને જોરદાર ટક્કર મારી હતી. કારને ટક્કર વાગતા ફ્રન્ટી અન્ય કાર સાથે અથડાઈ હતી અને અકસ્માતમાં ફ્રન્ટીમાં સવાર દંપતિને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલીક સ્થાનિક નાગરીકો દ્વારા ૧૦૮ બોલાવી ગાંધીનગર સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના ડોકટરે દંપતિને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતને પગલે મૃતકના પુત્રની ફરીયાદને પગલે પીએસઆઈ વી.એમ.દેસાઈ વધુ તપાસ હાથ ધરી છે.




સુરતની આગની ઘટના બાદ તંત્ર સતર્ક બન્યું છે. ફાયરના સાધનોની ચકાસણી અને ડેમોન્સ્ટ્રેશન યોજવામાં આવ્યા છે. કૃષિભવન ખાતે આગ ઓલવવાના સાધનોનું ડેમોન્સ્ટ્રેશન યોજી તેની સમજ આપવામાં આવી હતી.

## કુપોષણ મુક્ત ગાંધીનગર જિલ્લાના કાર્યક્રમનો આરંભ જુલાઈ-૨૦૧૯થી થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાની વરિષ્ઠ ખાનગી કંપનીઓ દ્વારા ખભેથી ખભો મિલાવીને ગાંધીનગર જિલ્લાને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવામાં આવશે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગા અને ખાનગી કંપનીઓના પ્રતિનિધિઓ સાથે એક બેઠક યોજાઈ હતી. આ કાર્યક્રમનો આરંભ ગાંધીનગરમાં જુલાઈ-૨૦૧૯માં કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં હાલમાં ૪૨૫૬ કુપોષિત બાળકો છે. જેમાં ૩૫૨૯ બાળકો પીળી રેખામાં અને ૭૩૬ બાળકો લાલ રેખા પર છે. આ બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાનગી કંપનીઓનો સહયોગ લેવામાં આવશે. આ અભિયાનમાં સહભાગી થવા માટે ખાનગી કંપનીઓ પણ ઉત્સાહભેર જોડાઇ ગઇ છે. કુપોષણ મુકત ગાંધીનગર જિલ્લો બનાવવા માટે આજે યોજાયેલ બેઠકમાં બાળકોને કુપોષણની રેખામાં કેવી રીતે વિભાજત કરવામાં આવ્યા છે, તેમને સરકાર દ્વારા કેવી રીતે કુપોષણ મુક્ત કરવા માટે કામગીરી કરવામાં આવે છે, તેની વિસ્તૃત સમજ જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ વિસ્તૃત સમજ આપી હતી. બાળકોને કુપોષણ મુકત બનાવવા માટે શું શું આપવામાં આવશે, કેવી રીતે આપવામાં આવશે તે અંગેની ચર્ચા-વિર્મશ પણ કલેકટર અને ખાનગી કંપનીઓ સાથે થઈ હતી.

કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના તમામ ૩૦૩ ગામોમાં અલગ અલગ આંગણવાડીમાં આવા બાળકો અભ્યાસ કરે છે. તેમને અપાયેલ પોષણ યુક્ત ખોરાકના રીપોર્ટીંગ માટે દરેક ગામ કે કલસ્ટર અનુસાર અધિકારીની નિમણુંક કરવામાં આવશે. અધિકારી દ્વારા નિરીક્ષણ કરી નિયમિત દર માસે રીપોટીંગ કરવામાં આવશે. આ ખોરાક કુપોષણથી પીડાતા બાળક સુધી પહોચે તે માટે સુચારું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત કચેરી અને એન.જી.ઓ. સંસ્થા સાથે રાખીને કરવામાં આવશે.

## રાહત કાર્યોમાં સામેલ થવા કાર્યકરોને વાઘાણીનું આહ્‌વાન

અમદાવાદ, તા. ૧૩

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ ગીર સોમનાથ જિલ્લાના સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાત લીધી હતી. ગુજરાતમાં વાયુ વાવાઝોડાની આગાહીના પગલે સંભવિત અસરગ્રસ્તોની મદદ માટે આગળ આવ્યા હતા. ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો પણ રાહત કામગીરીના આયોજન અને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતરની કામગીરીમાં મદદરુપ થયા હતા. ગુજરાત સરકાર દ્વારા પણ પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી છેલ્લા ૪૮ કલાકથી પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા હતા. સંભવિત વિભાગોની બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ વાઘાણીએ ભાજપની પ્રદેશ બેઠકો રદ કરી હતી અને દિલ્હી ખાતેની ભાજપની રાષ્ટ્રીય બેઠકમાં જવાનું પણ રદ કરીને ગુજરાતના દરિયાકાંઠાના સંભવિત અસરગ્રસ્ત જિલ્લામાં ભાજપ કાર્યકરો અને અગ્રણી બચાવ કામગીરી અને ત્યાંના સ્થાનિક લોકોની સલામતીના સેવા કાર્યમાં જોડાવવા આગળ આવ્યા હતા. કમલમ ખાતે વાવાઝોડા અસરગ્રસ્તોને મદદ મળે તે માટે રાઉન્ડ ક્લોક કન્ટ્રોલ રુમની શરૂઆત કરવામાં આવી છે. સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં ભાજપના કાર્યલયો ખાતે કન્ટ્રોલ રુમની શરૂઆત કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરના ભાજપ કાર્યાલય ખાતે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે કન્ટ્રોલ રુમ શરૂ કરવામાં આવી ચુક્યા છે.



આકાશમાંથી વરસી રહેલા અંગારા અને સતત ફૂંકાતી લૂના કારણે સૌ કોઈ હેરાન પરેશાન થઈ ચૂકયા છે. બગીચાઓમાં છાંટવામાં આવતા પાણીના ફુવારામાં નહાવાનો આનંદ મેળવતા બાળકો ગરમીને દુર ભગાવી રહ્યા છે.


## રક્તદાન અંગેની ગેરસમજો દૂર થાય તેમાં જ ‘‘વિશ્વ રક્તદાતા દિવસ’’ની સાર્થકતા

સમગ્ર વિશ્વમાં તા. ૧૪મી જુન શુક્રવારે ‘‘વિશ્વ રક્તદાતા દિવસ’’ની ઉજવણી કરવામાં આવશે. માનવીના શરીરમાં વહેતુ રક્ત માનવીની જીંદગીની જીવાદોરી સમાન છે. આજે દુનિયામાં વિજ્ઞાને ભલે ગમે તેટલી પ્રગતિ કરી હોય અને આર્ટિફિશ્યલ હાર્ટ સુધીનું નિર્માણ કરી ચુક્યું હોય પરંતુ હજુ સુધી ‘‘રક્ત’’ બનાવી શકાયું નથી. ‘‘રક્ત’’ માત્ર અને માત્ર ઈશ્વરે સર્જેલી માનવદેહરૂપી ફેક્ટરીમાં જ પેદા થાય છે. આજે વિશ્વમાં વસતી વધારા સાથે અકસ્માતો, કિડની, હૃદય, લીવર સંબંધિત સહિતની અનેક પ્રકારની ગંભીર બિમારીઓ વગેરેની સારવારમાં દર્દીને જીવ બચાવવા ‘‘રક્ત’’ ચઢાવવાની જરૂર પડે છે ત્યારે માત્ર અને માત્ર ‘‘રક્તદાન’’ થકી પ્રાપ્ત રક્ત પુરવઠા સિવાય બીજો કોઈ આરો હોતો નથી તેથી રક્તદાનને ‘‘મહાદાન’’ કહેવામાં આવે છે. ગાંધીનગર રક્તદાનની પ્રવૃતિમાં ખૂબ અગ્રેસર શહેર છે. તેથી ‘‘વિશ્વ રક્તદાતા દિવસે’’ શહેરના રક્તદાતાઓને જેટલા કરીએ તેટલા વંદન ઓછા છે અને રક્તદાનનો સેવાકીય અભિગમ હજુ પણ વધુને વધુ ફેલાતો રહે તે ઈચ્છનીય છે.

રક્તદાન અંગે વિશ્વ




આરોગ્ય સંગઠન એટલે કે ડબલ્યુએચઓ દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ ભારતમાં રક્તદાન સૌથી વધુ કરતા રક્તદાતાઓના વયજુથમાં ૧૮ થી ૨૪ વર્ષની ઉંમરના રક્તદાતાઓનું વયજુથ મોખરે છે જે રક્તદાનમાં ૫૨.૮૩ ટકા હિસ્સો ધરાવે છે. આ પછી ૨૫ થી ૪૪ વર્ષની વયના રક્તદાતાઓ રક્તદાનમાં ૨૮.૩૮ ટકા હિસ્સો ધરાવે છે અને ૪૫ થી ૬૪ વર્ષના રક્તદાતાઓનો હિસ્સો ૧૮.૭૮ ટકા છે. રક્તદાન અંગે હજુ પણ દેશમાં જોઈએ તેટલી જાગૃતિ નથી તેના કારણે દર વર્ષે હજુ પણ હજારો દર્દીઓ અકસ્માત કે બિમારીની સારવાર દરમ્યાન ‘‘રક્ત’’ ના મળી શકવાને કારણે મોતને ભેટે છે. રક્તદાન કરવા અંગે દેશમાં હજુ પણ ઘણી બધી ગેસસમજો પ્રવર્તે છે જેમ કે રક્તદાન કરવાથી શરીરમાં કમજોરી આવી જાય છે, રક્તદાનથી શરીરમાં નવુ રક્ત બનતુ અટકી જાય છે, રક્તદાન કરવાથી શરીરમાં વિવિધ તત્વોની ઉણપ ઉભી થાય છે. આવી અસંખ્ય ગેરસમજોને દૂર કરી રક્તદાન અંગે વધુને વધુ જાગૃતિ ફેલાવવાની જરૂર છે તે સાથે જ




સરકાર દ્વારા રક્તદાન કરનાર રક્તદાતાઓને પોતાને જ્યારે ‘‘રક્ત’’ની જરૂર પડે ત્યારે તે મેળવવામાં સરળતા રહે તેમજ રક્તદાતાઓ દ્વારા કરવામાં આવેલા રક્તદાનનો વેપાર થવાને બદલે યોગ્ય રીતે જરૂરિયાતવાળા દર્દીને મળે તેવી ચોક્કસ નીતિ ઘડી તેને અનુરૂપ સીસ્ટમ કાર્યરત કરવાની તાતી જરૂર છે. આ સાથે બ્લડ બેંકોમાં થતા ભ્રષ્ટાચાર અને બેજવાબદાર રીતે ધંધાદારી રક્તદાતાઓનું મેળવવાનું રક્તદાન જેવી બદીઓ પર નિયંત્રણ સાધવાની જરૂરિયાત પણ જણાય છે.

રક્તદાન કરવાથી રક્તદાતાને અનેક પ્રકારના ફાયદા થતા હોય છે જેમ કે રક્તદાન કરવાથી શરીરમાં આયર્નનું પ્રમાણ યોગ્ય માત્રામાં જળવાય છે જે વધુ પડતા આયર્ન હોવાને કારણે લીવર ટિશ્યુના ઓક્સિડેશન થવાના ખતરાથી બચાવે છે અને લીવરનું કેન્સર થતા અટકાવે છે. એકવારના રક્તદાનથી રક્તદાતા પોતાના શરીરમાંથી આશરે ૬૫૦ થી ૭૦૦ ગ્રામ કેલેરી ઘટાડી શકે છે અને રૂધિરાભિસરણ પણ સારી રીતે થઈ શકે છે જેના કારણે હૃદય સંબંધિત બિમારીઓનું જોખમ ઓછુ થાય છે. વળી રક્તદાન કરવુ તે કોઈનો જીવ બચાવવાનું પુણ્યનું કામ છે તેથી તેના થકી એક સત્કાર્ય કર્યાનો અમૂલ્ય સંતોષ પ્રાપ્ત થાય છે આખથી રક્તદાન પ્રત્યે જાગૃતિ વધે તે આવશ્યક છે. ભારતમાં એક અંદાજ મુજબ કુલ રક્તદાનમાં મહિલાઓનો હિસ્સો માત્ર ૬ ટકા જેટલો જ છે તેથી મહિલાઓમાં રક્તદાન અંગે જાગૃતિ વધે તે જરૂરી છે. તાજેતરમાં જ ફરીથી ચુંટાઈ આવેલી કેન્દ્ર સરકારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની બીજી ટર્મના પ્રથમ વિદેશ પ્રવાસમાં જે પહેલા દેશમાં ગયા તે માલદિવની મહિલાઓ વિશ્વમાં ૭૧ ટકા રક્તદાન સાથે વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે શું આપણે તેમની પાસેથી પ્રેરણા ના લઈ શકીએ? હેપ્પી બ્લડ ડોનર્સ ડે...!!!

**રક્તદાન પ્રવૃતિમાં ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓ અગ્રેસર : રક્તની અછત દૂર થાય તે માટે રક્તદાન પ્રવૃતિને વેગ મળે સાથે એકત્રિત રક્તનું યોગ્ય નિયમન થાય તેવી ચોક્કસ નીતિ ઘડાય તે જરૂરી**

## ફોઈના દિકરાએ ચાલુ બાઈકે ધોકો મારતા યુવક પટકાતા ઈજા પહોંચી

ગાંધીનગર, તા.૧૩

સીટી પ્લસ થી ધોળાકુવા ગામના બાયપાસ માર્ગ પર બાઈક લઈને પસાર થઈ રહેલા યુવકને તેના ફોઈના દિકરાએ પાછળથી આવીને યુવકને જમણા હાથના ખભા પર ધોકો મારતા યુવક નીચે પટકાયો હતો. બનાવ અંગે સત્યનામ ચીખલીગરની ફરીયાદને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૩ છાપરામાં રહેતા સત્યનામ ચીખલીગર ઉં.વ.૨૬ બુધવારના રોજ રાત્રે સીટી પ્લસ બાજુ પોતાના કામથી ગયો હતો. યુવક બાઈક લઈ સીટીપ્લસથી ધોળાકુવા ગામના બાયમપાસ માર્ગ પરથી ઈન્દ્રોડા સર્કલે આવી રહ્યો હતો. તે દરમિયાન રાત્રીના સવાઆઠ વાગ્યાના અરસામાં તેના પોઈના દીકરા તિલોકસીંગ છોટુસીંગ ચીખલીગર તેમજ તેનો ભાઈ જસમતસિંગ બંન્ને રહે. પેથાપુર, પાછળથી બાઈક લઈને આવ્યા હતા. જેમાં ત્રિલોકસિંગ હાથમાં રહેલો લાકડાનો ધોકો યુવકના હાથ પર મારતા તે બાઈક સાથે પટકાયો હતા અને તેને હાથે ઈજા પહોંચી હતી. ત્યારે પાછળથી આવી રહેલ એક રીક્ષા ચાલક આવતા બંન્ને ભાઈઓ ભાગી ગયા હતા. સત્યનામના ભાઈ મહોબતસિંગ સાથે થયેલા ઝઘડાની અદાવત રાખીને આ ફોઈના દિકરાઓએ હુમલો કર્યો હતો. ઘાયલ થયેલા યુવકે સિવિલમાં સારવાર લીધા બાદ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## જાહેર નિવિદા

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ (જીઆઈડીએમ), મુ. રાયસણ, પંડીત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સીટી પાછળ, રાયસણ, ગાંધીનગર - ૩૮૨૦૦૭ ખાતે કાર્યરત પ્રીન્ટરોની અલગ અલગ કાર્ટીઝ / ટોનર રીફીલીંગ તથા રીપેરીંગ કરવાની કામગીરી માટે રસ ધરાવતી પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી બંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ અંગેની જરૂરી માહિતી અત્રેની વેબસાઈટ www.gidm.gujarat.gov.in ઉપર દર્શાવવામાં આવેલ છે. જે મુજબ ભાવપત્રક સીલબંધ કરી ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાને દિન-૧૫માં મોકલવાના રહેશે.

**ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ**

માહિતી/૩૧૨/૧૯-૨૦